ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ટાપર્સને ડોકટર બનવાની ખેવના

મોટાભાગના ટોપર્સને ડોકટર બની સમાજની સેવા કરવી છે

ગાંધીનગર તા ૨૮

આજે જાહેર થયેલા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ જાહેર થતા વિધાર્થીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો હતો.પરિણામ હાથમાં આવ્યા બાદ એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર ટોપર્સે ડોકટર બનવાની ખેવના વ્યકત કરી હતી. તેજસ્વીઓને ડોકટર બની સમાજની સેવા કરવાની ઉમદા ભાવના પણ વ્યકત કરી હતી. જયારે નિયમિત વાંચન તેમજ શાળાના શિક્ષકોની મદદથી શ્રેષ્ઠ પરિણામ મળ્યું હોવાનો એકરાર પણ તેમણે કર્યો હતો.

ધોરણ ૧૨ સેમેસ્ટર ૪ ની કસોટીમાં ટોપટેનની યાદીમાં સ્થાન પામેલા તેજસ્વીઓને આગળ મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરવાની ઈચ્છા વ્યકત કરી છે. આ તબક્કે સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિધાર્થી પાર્થ કોઠીયાના જણાવ્યા મુજબ તેને પરિણામથી સંતોષ છે. પરંતુ કેમેસ્ટ્રીમાં ઓછા ગુણ આવ્યા હોવાનો અફસોસ છે. તેના પિતા નિલેશભાઈ ડાઈસની ફેકટરી ધરાવે છે. જયારે માતા આશાબેન હાઉસવાઈફ છે. પાર્થને ડોકટર બનવું છે. શાળાની યોગ્ય શિક્ષણ પધ્ધતિથી તેને સારુ પરિણામ મેળવ્યુ હોવાનું પણ જણાવ્યું છે. સહજાનંદ સ્કુલના જેનીસ પટેલે પણ ૭૦૦ માંથી ૬૬૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. જેનીસને પણ આગળ મેડીકલ લાઈનમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. તેના પિતા કલ્પેશભાઈ મિકેનિકલ એન્જીનિયર છે. જયારે માતા હર્ષિદાબેન પોર પ્રાથમિક શાળામાં શિક્ષક છે. શાળાના ભાર વિનાના ભણતર તેમજ સ્પર્ધાત્મક અભિગમને કારણે તેને શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કર્યું છે. સહજાનંદ સ્કુલના વિધાર્થી ઋત્વિક ચંપકભાઈ પટેલે પણ ડોકટર બનવાની ઈચ્છા વ્યકત કરી છે.તેના જણાવ્યા મુજબ બેથી ત્રણ વાર ગુજકેટની પરિક્ષાની આન્સરસીટ બદલાતા ધાર્યા કરતા પરિણામ ઓછુ આવ્યુ છે.તેના માતા હીનાબેન પણ પ્રાથમિક શિક્ષક છે. જયારે પિતા ચંપકભાઈ હાઈસ્કુલમાં પ્રિન્સિપાલ છે. તેના દાદા ભીખાભાઈ પટેલ તેમજ દાદી શારદાબેન પ્રરણાદાયી બની રહેતા સારુ પરિણામ મળ્યુ હોવાનું પણ તેણે જણાવ્યુ હતું.

સે-૨૩ ગુરુકુલ સ્કુલની વિધાર્થીનિ ઝંકૃતિ મહેતાને પણ કુશળ ડોકટર બની સમાજની સેવા કરવી છે. તેણીના પિતા ભરતભાઈ મહેતા ઉર્જા મંત્રીના કાર્યાલયમાં નાયબ ઈજનેર તરિકે ફરજ બજાવે છે.જયારે માતા તૃમિબેન કલોલ કોર્મસ કોલેજમાં વ્યાખ્યાતા છે. ઝંકૃતિને અભ્યાસ ઉપરાંત ચિત્રકામ, સંગીત તેમજ વાંચનનો પણ શોખ છે. ઝંકૃતિએ ૫૦૦ માંથી ૪૫૯ ગુણ પ્રાપ્ત કર્યા છે.

કુડાસણ સ્કુલ ઓફ અચિવરના વિધાર્થી યશ મિનાક્ષીબેન જોષીએ પણ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યું છે. યશને પણ ડોકટર બનવાની ઈચ્છા છે. રોજના ૪ કલાકના વાંચન બાદ ફેમિલી તેમજ શાળાની

● અનુસંધાન પાન-૭ પર

બાળકો દરેક ઋતુને ખુબ આનંદથી માણે છે. વરસાદનો હજુ તો પહેલો છાંટો પડ્યો હોય ત્યાં વરસાદમાં નહાવા દોડી જાય છે. ગરમી પડતી હોય ત્યારે તો ઠંડા પાણીમાં વારંવાર નહાવાની મજા માણી બાળકો ખુબ આનંદીત થઈ જાય છે. પાણીની પાઈપથી નહાતા આ નાનકડા ભુલકાઓના મોં પરનો આનંદ કાળઝાળ ગરમીમાં પણ મનને શાતા આપી રહ્યો છે. (તસવીર : દિપક જાની)

નગરમાં હિટ વેવ હજુ યથાવત

સતત પડી રહેલી ગરમીથી જીનજીવન પર અસર : રાત્રિના સમયે બફારો વધ્યો : ગરમ પવનોથી નગરજનો પર વિતરીત અસર

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં ગરમીનો કહેર હજુ પણ યથાવત છે. સુર્યદેવ આઈપીએલની જેમ ધડાધડ બેટીંગ કરીને ગરમીના સ્કોરબોર્ડને સતત ઉંચે લઈ જઈ રહ્યા છે. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડિ.સે. અને લઘુત્તમ ૨૯.૦ ડિ.સે. નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે ૬૯ ટકા અને સાંજે ૨૯ ટકા રહેવા પામ્યું હતું.

ગરમીએ ગાંધીનગરને રીતસરનું એક આતંકવાદીની જેમ બાનમાં લીધું છે. આતંકવાદના કારણે નાગરિકો હતપ્રત થઈ જાય છે તે રીતે ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. ગરમીથી શહેરમાં સંપૂર્ણ કર્ફ્યુ જેવો માહોલ છવાઈ જાય છે. નાગરિકો બપોરના સમયે ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે.

શહેરમાં ગુરુવારનો દિવસ ગરમીથી લાલ થઈ ગયો હતો. મહત્તમ તાપમાનનો પારો ૪૨.૮ ડિ.સે.એ પહોંચી ગયો હતો જે ગઈ કાલ કરતા વધુ છે. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૯.૦ ડિ.સે. નોંધાયું છે. રાત્રિની ઠંડક બાદ સવારમાં ભેજનું પ્રમાણ ૬૯ ટકા રહ્યું હતું પરંતુ સાજે ૨૯ ટકા થવા પામ્યું હતું. જેના કારણે બફારો વધારે અનુભવાયો હતો.

ગરમીમાં પવનદેવના પવનથી શહેરીજનોને ગરમ હવાનો સામનો કરવો પડી રહ્યો છે. હવાના કારણે બપોરે ગરમ પવનો ફુંકાય છે તેનાથી લોકો બપોરના સમયે ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. દ્વિ ચક્રી વાહનોની અવરજવર બપોરના સમયે બિલકુલ નહિવત થઈ જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

ઉદ્યોગકારોના ન્યાયિક પ્રશ્નોના નિવારણ માટે રાજ્યના ચાર ઝોનમાં વિભાગીય બેઠકો યોજાશે

ગાંધીનગર જીઆઈડીસીમાં ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન ભવન-સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભૂમિપૂજન

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને રાજયની ઔદ્યોગિક વસાહતો જી.આઈ.ડી.સી.ના ઘોગકારોના ન્યાયિક પ્રશ્નો-સમસ્યાઓના નિવારણ માટે ચાર ઝોનમાં વિભાગીય બેઠકો પોતાની અધ્યક્ષતામાં યોજવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજયની ઔદ્યોગિક વસાહતોમાં ઘોગો, પ્લોટ-શેડની સ્થિતી અને અન્ય માળખાકીય સુવિધાઓની ઓનલાઈન જાણકારી ગાંધીનગર બેઠાં મળી રહે તેવી મોનિટરીંગ વ્યવસ્થા પણ સ્થાનિક ઔદ્યોગિક વસાહત મંડળોના સહયોગમાં રાજયમાં વિકસાવાશે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર ઔદ્યોગિક વસાહતમાં ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિયેશન્સ ગુજરાત FIA ના ભવન-સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો શિલાન્યાસ આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતીમાં સંપન્ન કર્યો હતો.

શ્રીમતી આનંદીબહેને સ્પષ્ટપણે જણાવ્યું કે રાજયમાં લઘુ-મધ્યમ ઘોગો સહિત ઔદ્યોગિક વસાહતોનાં ઘોગકારોને રાજય સરકારના વિવિધ વિભાગો સાથેની કામકાજની બાબતોનું માર્ગદર્શન, નિવારણ સમગ્રતયા પારદર્શી અને ઝડપી ધોરણે એક જ સ્થળેથી મળી રહે તેવા આશયે આગામી જૂન મહિનાથી સિંગલ વિન્ડો સિસ્ટમ રાજયવ્યાપી શરૂ કરવાની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની 'મેઈક ઈન ઈન્ડીયા' સંકલ્પનામાં સૂર પૂરાવતાં રાજયમાં આવી રહેલા ઘોગોને અનુરૂપ કુશળ માનવ સંશાધન ઉપલબ્ધ બનાવવા ઔદ્યોગિક વસાહતોમાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સનો વ્યાપ વિસ્તારવા પણ હિમાયત કરી હતી.

તેમણે ઉમેર્યું કે બદલાતા વૈશ્વિક પ્રવાહો, આધુનિક તકનીક અને કવોલિટી ઈમ્પ્રુવમેન્ટ માટે આવાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ ઉપયુકત બનશે.

તેમણે FIA ના ૧૩ પૂર્વ પ્રમુખશ્રીઓની સેવા-ભાવનાનું સન્માન પણ આ પ્રસંગે કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પ્રભારી

● અનુસંધાન પાન-૭ પર

આજે ભીમ અગિયારસ ઉજવો
રહીમચાચાની કેરી સાથે
સર્વોત્તમ ક્વોલિટી, રત્નાગીરી, હાફુસ તથા જુનાગઢ અને કચ્છની કેસર કેરી માટે મળો
રહીમચાચા
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, નવદીપ કિરાણા સ્ટોરની પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, સે-૨૧, ગાંધીનગર
નોંધ : દર સોમવારે દુકાન ચાલુ રહેશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

શું તમે સફળ વ્યક્તિ બનવાનું સ્વપ્ન સેવો છો ? શું તમે ધોરણ : ૧૨ પછી ભાવિ કારકિર્દી અંગે કોઈ લક્ષ નક્કી કર્યું છે ?
કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત
કારકિર્દી માર્ગદર્શન
તારીખ : ૩૧મી મે, ૨૦૧૫ અને ૧લી જૂન, ૨૦૧૫
સમય : સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ દરમ્યાન
ગાંધીનગર : બ્રહ્માણી કૃપા હોલ, ઉમંગી કેમ્પસ, ઘ-૬ સર્કલ, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૨૩૨૪૦૦૬૦
કડી : ડો. રામભાઈ પટેલ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાછળ, કડી. મો. ૯૮૧૪૧ ૧૫૩૦૧

શ્રીરંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સ.સોસાયટી લિ.
વાસણા હડમતિયા, સેક્ટર-૪ પાછળ, ખ-૦, ગાંધીનગર - ૩૮૨૨૦૬
આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ ૨૦૧૩-૧૪ની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા તા. ૧૪/૬/૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ વાગે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સહ સાથે ભોજન લઈશું.
તા.ક. : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તેઓએ તાકીદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.
સુરેશભાઈ પટેલ, પ્રમુખ, મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯
બાબુભાઈ પટેલ, મંત્રી, મો. ૯૫૭૪૯ ૫૪૪૦૩

GUJARAT COUNCIL ON SCIENCE & TECHNOLOGY
Dept of Science & Technology, Govt of Gujarat
Block B, 7th Floor, M.S. Building, Sec 11, Gandhinagar 382011
Phone: 079-23259362-8, Fax: 079-23259363,
Web: www.gujcost.gujarat.gov.in
E-mail: sciof-gujcost@gujarat.gov.in, gujcost.gujarat@gmail.com
TENDER NOTICE FOR SUPPLY OF MANPOWER
Gujarat Council on Science and Technology (GUJCOST), working under the Department of Science & Technology, Government of Gujarat, is the nodal organization for promotion of science education and awareness, research and development through its various programmes and activities across the State.
GUJCOST invites sealed Tenders from registered manpower agency suppliers as per Govt. of Gujarat norms for providing HR personnel on daily wage / contractual basis.
Tender documents can be obtained from GUJCOST office during working hours on a payment of Rs.500/- from 29/05/2015 onwards or can also be downloaded from website www.gujcost.gujarat.gov.in and submitted the same with an EMD of Rs.20,000/- in favour of Member Secretary, Gujarat Council on Science & Technology, Gandhinagar. Last date of Tender submission is 23/06/2015 at 17:00 hrs. GUJCOST reserves the right to accept / reject any or all tenders without assigning any reasons whatsoever.
Date : 29/05/2015
Advisor & Member Secretary
GUJCOST
GUJCOST: Investing in Science; Investing in the future!

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

શ્રદ્ધાંજલિ
વટ વૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપે વસમી વિદાય લીધી, જીવનભર પરીશ્રમના દિવસો વિતાછી સૌને સમૃધ્ધ બનાવી ચંદન જેવું જીવન જીવીને સુખ સૌને આપી ગયા, પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે... એજ પ્રાર્થના...
સ્વ. હર્ષદભાઈ નાગરદાસ શાહ
(ચક્ષુદાતા) સ્વ.તા.૨૯/૫/૨૦૧૪
લતાબેન હર્ષદભાઈ શાહ
પ્રિતી ચેતનભાઈ શાહ
સ્નેહા મનીષભાઈ શાહ
બેલા વિપુલકુમાર શાહ
ચેતન હર્ષદભાઈ શાહ (એન્જી./કોન્ટ્રાક્ટર)
મનીષ હર્ષદભાઈ શાહ (નિરાલી કન્સ્ટ્રકશન)
વિપુલકુમાર દેવેન્દ્રભાઈ શાહ
નિરાલી, આગમ, માનાંક, યશ્વી, જીયા,

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હાર્દિક અભિનંદન

શ્રી રાકેશભાઈ પટેલ
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મહાનગરપાલિકા
આપની ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન પદે થયેલ વરણીને અમે હૃદયના ઉમળકાથી વધાવીએ છીએ.... વધે નામના તમારી એવી અમારી શુભકામનાઓ સાથે લાખ લાખ અભિનંદન..
શુભેચ્છકો
સેક્ટર નં.૫/બી શોપીંગના વેપારી પરિવાર
● કરણસિંહ બિહોલા (શક્તિ ફ્લોર ફેક્ટરી)
● અંકિતભાઈ - પંકજભાઈ (સિદ્ધિ વિનાયક ગેરેજ એન્ડ કિરાણા સ્ટોર્સ)
● દિનેશભાઈ પટેલ (વાવોલવાળા) (શક્તિ ડેરી એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ)
● દિપક પટેલ - જગદીશ પટેલ (જય ઉમિયા કિરાણા સ્ટોર્સ)
● મનુભાઈ પટેલ - સુરેશ એન્ડ સતીષ (વહાણવટી કિરાણા સ્ટોર્સ)
● દશરથજી ઠાકોર (ગાયત્રી ફ્લોર ફેક્ટરી)
● દિશાંત પ્રજાપતિ (જયહિંદ સ્વીટ માર્ટ)
● રાકેશભાઈ પટેલ (નવદીપ કિરાણા સ્ટોર્સ)
● લાદુભાઈ (ભૈરવનાથ પસ્તી ભંડાર)
● રાજુભાઈ પટેલ (ઉમિયા સ્ટીલ ફેબ્રીકેશન)
● વિષ્ણુભાઈ પટેલ (જય વિસત પાઈપ ટ્રેડર્સ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com